॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे च चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण ललितां,
सिंहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् रायरूणां
श्रीकालिकां मातरम् ॥

# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**



વર્ષ : ૧૬ અંક : ૧૮૧ તા.૧૫-૦૨-૨૦૨૫ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક

તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH




**ચાલુ શૈક્ષણિક વર્ષની માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવાનારી ધો-૧૦ અને ધો-૧૨ ના પરિક્ષાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ. આપ સૌ પરિક્ષામાં સફળતા પૂર્વક પાસ કરી ઉજ્જવળ કારકીર્દી બનાવો તેવી અભ્યર્થના વ્યક્ત કરીએ છીએ.**

॥ જય શ્રી ગોપાલ ॥

# ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ ગમન



## શ્રી કંસારા હેમાંગ હસમુખભાઈ માવાણી

તે જામનગર રહેવાસી શ્રીમતી મીનાબેન તથા શ્રી કંસારા હસમુખભાઈ વિઠ્ઠલદાસ માવાણી નો સુપુત્ર જૂન-૨૦૨૨ માં મારવાડી યુનીર્વસિટી – રાજકોટ ખાતે કોમ્પ્યુટર એન્જિનિયરિંગની ડીગ્રી સફળતાપૂર્વક પ્રાપ્ત કરેલ છે.

હવે શ્રી કંસારા હેમાંગ હસમુખભાઈ માવાણી તા. ૨૪/૦૯/૨૦૨૪ ના રોજ ઉચ્ચ અભ્યાસાર્થે **MSc. ARTIFICIAL INTELLIGENCE FT. (AI)** માસ્ટર ડીગ્રીનો એક વર્ષનો કોર્ષ કરવા માટે MANCHESTER, ENGLAND, UK ખાતે આવેલ **UNIVERSITY OF HUDDERSFIELD** માં એડમીશન મેળવી પોતાના જીવનમાં એક નવી કારકિર્દી મેળવવા માટે પ્રયાણ કરેલ છે.

શ્રી હેમાંગને તેમનાં જીવનમાં અને અભ્યાસમાં ખૂબ સફળતા મળે તેવી હૃદયપૂર્વક ખૂબ-ખૂબ શુભેચ્છા...

**સ્વ. શ્રી કંસારા વિઠ્ઠલદાસ ચતુરભાઈ માવાણી (રાજકોટ)**
**સ્વ. કંસારા કાંતાબેન વિઠ્ઠલદાસ માવાણી**
**શ્રી કંસારા હસમુખભાઈ વિઠ્ઠલદાસ માવાણી - મો. ૯૪૨૭૭ ૭૧૪૨૩**
(કારોબારી - સભ્ય સમસ્ત કંસારા સમાજ, અમદાવાદ (ગુજરાત)
(કારોબારી - સભ્ય શ્રી ગોપાલલાલ મંદિર ટ્રસ્ટી મંડળ, જામનગર (ગુજરાત)
**શ્રીમતી મીનાબેન હસમુખભાઈ માવાણી - મો. ૯૪૨૯૯ ૭૭૦૨૩**

**શુભેચ્છક (રાજકોટ)**

શ્રી ધવલભાઈ ડી. બાવાણી (બનેવી)
(રેશમ આર્ટ - રાજકોટ)
શ્રીમતી અમીબેન ધવલભાઈ બાવાણી (બહેન)
કુ. જીહાન ધવલભાઈ બાવાણી (ભાણેજ)

**શુભેચ્છક (જુનાગઢ)**

શ્રી કંસારા ધવલભાઈ બી. પરમાર (બનેવી)
(બ્રાંચ મેનેજર - યુનીયન બેંક ઓફ ઈન્ડિયા)
શ્રીમતી નીરાબેન ધવલભાઈ પરમાર (બહેન)
કુ. જીમીત ધવલભાઈ પરમાર (ભાણેજ)
કુ. કારવી ધવલભાઈ પરમાર (ભાણેજ)

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
"બી" બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો/વડીલો.

આપ સર્વે ક્ષેમ કુશળ હશો તેવી હું આશા રાખું છું.

ચાલુ શૈક્ષણિક વર્ષની માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવાનારી ધો-૧૦ (New SSC) અને ધો-૧૨ (H.S.C.) ની પરીક્ષાઓ તા. ૨૭-૦૨-૨૦૨૫ ગુરુવારથી શરૂ થનાર છે. જે પરીક્ષાઓમાં બેસનાર જ્ઞાતિના તમામ ગોળ-ઘટકના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ, ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અમદાવાદ તેમજ સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ (ગુજરાત) અમદાવાદ વતી હું શુભેચ્છાઓ પાઠવું છું. આ તમામ પરીક્ષાર્થી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પર સરસ્વતી માતાજીની કૃપા વરસે અને તેઓએ વર્ષ દરમિયાન કરેલ અભ્યાસ અને પરીક્ષા માટે કરેલ તૈયારીઓ-મહેનતની જવલંત સફળતા મળે અને તેઓના ભાવિ જીવનની ઉજ્જવળ કારકીર્દી બનાવી ઉજ્જવળ ભવિષ્ય પ્રાપ્ત કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવું છું.

વિશેષમાં સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના આજીવન સભ્યોનો ડેટા બેઈઝ સુધારવા માટેનું અભિયાન શરૂ કરવામાં આવેલ છે. તો સમાજના દરેક હોદ્દેદારો-કારોબારી સભ્યો - આજીવન સભ્યો તેમજ જે તે ગામની સ્થાનિક સંસ્થાઓ/જ્ઞાતિના જ્ઞાતિ પંચના આગેવાનો તેમજ જ્ઞાતીના અગ્રગણ્ય કાર્યકારો આ અભિયાનમાં રસ દાખવી સાથ સહકાર આપે તેવી જાહેર નમ્ર અપીલ કરું છું. જે અંગેની વિશેષ સુચનાઓ/માર્ગદર્શન કંસારા ટાઈમ્સના તા. ૧૫-૦૧-૨૦૨૫ ના અંકમાં પાન નં. ૪ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. જે અવલોકનમાં લઈ તે મુજબનો ડેટા બેઈઝ તૈયાર કરવા માટે સાથ સહકાર આપવા નમ્ર વિનંતી કરીએ છીએ.

વિશેષમાં જ્ઞાતિજનોની જાણકારી માટે જણાવું છું કે **"પ્રધાનમંત્રી વિશ્વકર્મા સન્માન યોજના-૨૦૨૩"** ની યોજનામાં સરકારશ્રી દ્વારા પ્રકાશિત થયેલ માહિતી પત્રના શેડ્યુઅલમાં **ક્રમ નં. ૪ પર** લોહારના કોલમમાં તામ્રકાર, કાંસ્યકારનો સમાવેશ કરવામાં આવેલ છે. તે મુજબ તાંબા-પીત્તળ અથવા કાંસા જેવી ધાતુઓના વાસણ બનાવે છે, તેવા સ્વ-રોજગાર કારીગરો-શિલ્પકારોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ અંગે અનુકૂળતાએ વિશેષ માહિતી હવે પછીના અંકમાં પ્રકાશિત કરવા પ્રયત્ન કરીશ.

આમ છતાં "લુહાર"ને બદલે કારીગર "કંસારા", "કાંસ્યકાર", "તામ્રકાર" જ્ઞાતિનો અલગથી સમાવેશ કરવામાં આવે તેવા પ્રયત્નો હાલમાં ગતિમાં છે. જેનું પરિણામ મળે આપ સૌને જાણ કરીશું. જેની નોંધ લેવા વિનંતી છે.

સર્વે જ્ઞાતિજનોને મારા જયશ્રીકૃષ્ણ, જય માતાજી, જયશ્રી ગોપાલ, જયશ્રી સ્વામિનારાયણ, જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# મારું કંસારા સોની જ્ઞાતી મેડિકલ કાયમી ફંડ સમીતી દ્વારા નેત્ર નિદાન કેમ્પ

- મંત્રી શ્રી મહેશભાઈ કંસારા

ભુજ મુકામે છેલ્લા ૧૩ વર્ષથી સમાજનાં લોકોનાં આરોગ્ય-સારવાર માટે કામ કરતી શ્રી મારું કંસારા સોની જ્ઞાતી મેડિકલ કાયમી ફંડ સમીતી દ્વારા જ્ઞાતી શ્રેષ્ઠી શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ સોનીની પુણ્ય સ્મૃતીમાં તારીખ ૨૯-૧૨-૨૦૨૪ રવિવારના દિવસે જ્ઞાતીના લોકો માટે નેત્ર નિદાન કેમ્પ, ૭૦ વર્ષથી ઉપરની ઉંમરના માટે વય વંદના કાર્ડ, તેમજ યુવા-યુવતી માટે બ્લડ ગૃપીગ કેમ્પનું આયોજન જ્ઞાતીના પ્રમુખ શ્રી હિતેશભાઈ પી. સોની, મેડિકલ સમિતીના ચેરમેન શ્રી હર્ષદભાઈ જે. બુધ્ધભટ્ટી - ડૉ. દેવ એચ. સોની - જ્ઞાતી ઉપપ્રમુખ શ્રી અનીલભાઈ છાત્રાણા - મહિલા મંડળના પ્રમુખ શ્રી સુધાબેન બુધ્ધભટ્ટી – ભરતભાઈ બગ્ગા – નિતિનભાઈ હેડાઉના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય બાદ કેમ્પને ખુલ્લો મુકવામાં આવેલ. આ પ્રસંગે જ્ઞાતી પ્રમુખશ્રી હિતેશભાઈ દ્વારા નેત્ર નિદાન કેમ્પ જ્યારે શરીરનાં મુખ્ય અંગ આંખની તપાસ થઈ રહી છે ત્યારે જરૂરત મંદને પણ આ તપાસ બાદ સારી સારવાર મળે તેવાં પ્રયત્ન કરવામાં આવશે. મેડિકલ સમિતીના ચેરમેન શ્રી હર્ષદભાઈ દ્વારા મેડિકલ સમીતી દ્વારા આયોજીત આ કેમ્પમાં જ્ઞાતીનાં હોનહાર ડૉ. દેવ એચ. સોનીની સેવા સમાજને મળી રહે છે ત્યારે આનંદ થાય છે અને સમાજ માટે કાયમ આવીજ સેવા કરતા રહે તેવી શુભેચ્છા પાઠવેલ. આ પ્રસંગે ડૉ. દેવ એચ. સોનીએ જણાવેલ કે આ સમાજ દ્વારા મને ખુબ બહુમાન મળેલ છે અને સમાજનું રુણ મારા પર છે. આ રુણ હું સમાજનાં લોકોની સેવા કરીને ચુકવવા માગું છું. આજે સમાજ દ્વારા મારું જે સન્માન કરવામાં આવેલ છે. તે બદલ હું તમામ જ્ઞાતી જનોનો આભાર માનું છું અને મારી હોસ્પીટલમાં જ્ઞાતી જનોને ખુબ જ સંતોષ કારક અને રાહત દરે સારવાર આપીશ. આ રાહત અંગેની તમામ માહીતી મે મેડિકલ કાયમી ફંડ સમીતીને આવેલ છે. અને દર બુધવારે કચ્છના તમામ જ્ઞાતી જનોની આંખ અંગેની સારવાર રાહત દરે કરી આપીશ અને સમાજમાં જ્યારે પણ મારી જરૂરત પડશે ત્યારે હું સમાજનાં મેડિકલ કાર્યમાં સંપૂર્ણ સહયોગ આપીશ તેવી ખાત્રી આપેલ.

આ પ્રસંગે મેડિકલ કાયમી ફંડ સમિતિના મંત્રીશ્રી મહેશભાઈ કંસારા દ્વારા મેડિકલ સમીતી એ કરેલ કામોની વિગત વાર માહીતી આપેલ અને જ્યારે પણ મેડિકલ કાર્ય માટે જરૂરત પડે ત્યારે મેડિકલ સમીતી પૂર્ણ સહયોગ કરશે. અને આજનાં આ કેમ્પ દરમ્યાન જે પણ આર્થિક રીતે નબળા હશે. અને તેમના ઓપરેશનની જરૂરત હશે તો દાતા શ્રીના સહયોગથી ઓપરેશન સીટી આઈ કેર હોસ્પિટલ મધ્યે કરાવી આપવામાં આવશે. આ પ્રસંગે જ્ઞાતીના દાતાશ્રી દ્વારા ૨૨ ઓપરેશન અંગેના ખર્ચની જાહેરાત કરવામાં આવેલ જેને હાજર રહેલ તમામ જ્ઞાતી જનોએ આવકરેલ.

આજનાં આ કેમ્પ દરમ્યાન ૧૧૭ દર્દીઓને આંખની તપાસ કરાવેલ જેમાં ૨૦ જેટલા મોતિયાના દર્દીઓને ઓપરેશન માટે તારીખ આપી ઓપરેશન કરાવી આપવામાં આવશે.

આજનાં કેમ્પ દરમ્યાન જ્ઞાતીના ભાવેશભાઈ બગ્ગા – મુલજીભાઈ કટ્ટા – ચેતનભાઈ બારમેડા – વસંતભાઈ પોમલ – મહિલા મંડળના રોહિણીબેન બુધભટ્ટી – હિનાબેન પુનિત પોમલ હાજર રહેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન-આયોજન મહેશભાઈ કંસારા દ્વારા કંસારા કરવામાં આવેલ અને આભાર વિધિ જ્ઞાતી સહ ખજાનચી શ્રી સંજીવ અરવિંદભાઈ બુધ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ.

## MATRIMONIAL

**Name :**
Heena kansara
**Father Name :**
Jagdish kansara
**Mother Name :**
Daksha kansara
**Date of Birth :**
18/01/1996
**Birth Time:**
10.33 pm
**Birth Place :**
Banswara Rajasthan
**Education :**
B.Com,M.com
**Address :**
Behind Rupam Complex, Purani SBJI Mandi Banswara, Rajasthan
**Contact No. :**
7016551440
**WhatsApp No. :**
9173426212



શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ    પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.



# માંડવીમાં નિ:શુલ્ક મેગા મેડીકલ કેમ્પનો લાભ લેતા ૨૦૨ દર્દીઓ

આયુષ હોસ્પિટલ ભુજ અને માંડવીની જનકલ્યાણ મેડીકલ સોસાયટી સંચાલિત નવનીત કેન્સર રિસર્થ હોસ્પિસ અને ડાયાબીટીસ સેન્ટરના સંયુકત ઉપક્રમે નિ:શુલ્ક મેગા મેડીકલ કેમ્પ યોજાયો હતો.

જનકલ્યાણ મેડીકલ હોસ્પિટલના પરિસરમાં નવકાર મહામંત્રના સ્મરણથી કેમ્પનો શુભારંભ થયા બાદ પ્રમુખ કિરણકુમાર વાડીલાલ સંઘવી એ દિપ પ્રગટાવીને કેમ્પને ખૂલ્લો મૂકતા સૌને આવકારીને જણાવ્યું હતું કે, કેન્સર એટલે કેન્સલ નહીં – વહેલું નિદાન આપે જીવતદાન. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૩૨ વર્ષથી કાર્યરત આ હોસ્પિટલમાં છેલ્લા ૧૦ વર્ષથી બધા રોગોનું નિદાન અને સારવાર અત્યંત રાહત દરે કરવામાં આવે છે. ડાયાલીસીસ સંપૂર્ણ નિ:શુલ્ક કરવામાં આવે છે. જયારે દવાઓ ૫૦ ટકા રાહત ભાવે આપવામાં આવે છે. તેમણે આવનાર દિવસોમાં દર્દીઓની વધુ સેવા કરવાની નેમ વ્યક્ત કરી હતી.

આયુષ હોસ્પિટલ ભુજના ઓર્થોપેડીક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ ડો. ઉપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, વહેલું નિદાન જરૂરી છે. નિદાન પછી જ સારવાર કરી શકાય છે. તેમણે માંડવીની જનકલ્યાણ હોસ્પિટલના ટ્રસ્ટીઓને અભિનંદન આપી, હોસ્પિટલ દ્વારા ૩૨ વર્ષથી કરાતી સેવાને બિરદાવી ને વધુમાં જણાવ્યું હતું કે, હવેથી દર અઠવાડિયે અમારી આયુષ હોસ્પિટલના ડોકટરો, માંડવીની જનકલ્યાણ મેડીકલ સોસાયટીમાં સેવા માટે આવશે તેવી જાહેરાત કરી હોવાનું જનકલ્યાણ મેડીકલ સોસાયટીના ટ્રસ્ટી તથા પ્રવકતા દિનેશભાઈ મણીલાલ શાહે જણાવ્યું હતું.

આ કેમ્પમાં મૂળ મોટી રાયણના પરંતુ હાલમાં મુબઈ રહેતા વતનપ્રેમી દાતા મિનાક્ષીબેન લલીતભાઈ છેડા તરફથી માંડવીની આ સંસ્થાને રૂપિયા ૧૧૧૧૧૧/- નું માતબર દાન આપવાની જાહેરાત સંસ્થાના મંત્રી અરવિંદભાઈ શાહે કરી હતી.

આ નિ:શુલ્ક મેગા મેડીકલ કેમ્પમાં ડો, જેનીલ પટેલ (કાર્ડીયોલોજી), ડો. હિતેશ ભાલ્યા (ન્યુરો સર્જરી), ડો. સચિન મિસાબ (યુરો સર્જરી), ડો. ઉપેન્દ્રસિંહ વાઘેલા (ઓર્થોપેડીક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ), ડો. આર્શ રાઠોડ (ગોઠણ તથા થાપાના નિષ્ણાંત), ડો. શ્યામ ત્રિવેદી (જનરલ સર્જરી), ડો, ખુશ્બ ચાંગાણી (મેકસીલો ફેસિયલ સર્જન), ડો. નૈનેશ શાહ (ફિઝીશ્યન), ડો. જીનલ આથા (ફિઝીયોથેરાપીસ્ટ), દિક્ષા પટેલ (ડેન્ટલ સર્જન) અને ડો. ભૂમિત માલી (મેડીકલ ઓફિસર) એ દર્દીઓનું નિદાન કરીને યોગ્ય માર્ગદર્શન આપેલ હતું.

આ કેમ્પમાં માંડવી અને આજુ બાજુના ગ્રામ્ય વિસ્તારના કુલ ૨૦૨ દર્દીઓને લાભ લીધો હતો. કુલ ૪૧ વ્યક્તિઓના આયુષ્યમાન કાર્ડ નિ:શુલ્ક બનાવી આપવામાં આવ્યા હતા. ઓપરેશન લાયક અને આયુષ્યમાન કાર્ડ ધરાવતા દર્દીઓના ઓપરેશનો આયુષ હોસ્પિટલ ભુજમાં કરી અપાશે. કેમ્પમાં દર્દીઓને દવાઓ પણ નિ:શુલ્ક આપવામાં આવી હતી. એક્ષરે અને કાર્ડીયોગ્રામ પણ નિ:શુલ્ક કાઢી આપવામાં આવ્યા હતા. લોહીની તપાસ પણ નિ:શુલ્ક કરી આપવામાં આવી હતી.

માંડવીની જનકલ્યાણ મેડીકલ સોસાયટીના પ્રમુખ કિરણભાઈ સંઘવી, ઉપપ્રમુખ શાંતીલાલભાઈ પટેલ, મંત્રી અરવિંદભાઈ શાહ, ખજાનચી નિશાંતભાઈ શાહ, સહમંત્રી મહેશભાઈ કંસારા, પ્રવકતા દિનેશભાઈ શાહ, સલાહકાર અને નિવૃત સનદી અધિકારી વી.કે. સોલંકી, માનદ સભ્ય કિશોરભાઈ શાહ, સંસ્થાના એડમીન વિજયભાઈ કેનિયા વગેરેના હસ્તે કેમ્પમાં સેવા આપનાર ડોકટરો અને મંચસ્થ એડવોકેટ લલીતભાઈ છેડા (મુંબઈ) નું શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સહમંત્રી મહેશભાઈ કંસારા એ કરેલ હતું જયારે ખજાનચી નિશાંતભાઈ શાહે આભાર દર્શન કરેલ. આ કેમ્પમાં લલીતભાઈ છેડા (મોટી રાયણ મુંબઈ), કાંતીલાલ ગડા અને ભાઈલાલ ગાલા (મોટી રાયણ) ઉપસ્થિત રહ્યા હતા.

આ નિ:શુલ્ક મેગા મેડીકલ કેમ્પને સફળ બનાવવા સંસ્થાના હોદેદારો, ટ્રસ્ટીઓ સંસ્થાના એડમીન વિજયભાઈ કેનિયા અને હોસ્પિટલના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૯૮૦૩૬૬૩૩૬

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતી ટ્રસ્ટ – ભુજ મેડિકલ કાયમી ફંડ સમિતિ

- ચેરમેનશ્રી : હર્ષદભાઈ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી,
મંત્રીશ્રી : કંસારા મહેશભાઈ મોહનલાલ ગુજરાતી




ભુજ મધ્યે યોજાયો ફેફસાની તપાસનો કેમ્પ ૭૭ દર્દીઓએ લાભ લીધો.

ભુજ મધ્યે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતી મેડિકલ કાયમી ફંડ સમિતિ કે છેલ્લા ૧૩ વર્ષથી મેડિકલ કેમ્પો તેમજ જ્ઞાતી જનો અને સાર્વજનિક મેડિકલ સેવા અર્થે કાર્ય કરે છે. આ સમિતિ દ્વારા તારીખ ૨૦/૦૧/૨૦૨૫ ના રોજ જનકલ્યાણ મેડિકલ સોસાયટી – માંડવીના સયુક્ત ઉપક્રમે ભુજ મધ્યે અમેરિકાનાં પ્રખ્યાત અને ઈન્ટરનેશનલ પલ્મોનોલોજીસ્ટ અને ફેફસાના રોગોના નિષ્ણાંત ડૉ. સરત કુચિપુડી અને ડૉ. વિજયા લક્ષ્મી (ફેમિલી મેડસીન) નો સાર્વજનિક કેમ્પ સ્મૃતિ હોલ કંસારા બજાર મધ્યે જ્ઞાતી મેડિકલ કાયમી ફંડ સમિતિના ચેરમેન શ્રી હર્ષદભાઈ જે બુધ્ધભટ્ટીના પ્રમુખ સ્થાને કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં જ્ઞાતી પ્રમુખ શ્રી હિતેશભાઈ પી. સોની – જનકલ્યાણ મેડિકલ સોસાયટીનાં ચેરમેનશ્રી કિરણભાઈ સંઘવી – સમાજનાં નવ યુવાન અને જ્ઞાતીના ગૌરવ એવા ઓન્કોસર્જન ડૉ. હેત સોની સમાજનાં ઉપપ્રમુખ અને નગરપાલિકાના કાઉન્સીલર શ્રી અનિલભાઈ છાયાણા – યુવક મંડળ પ્રમુખ સમીર છાયાણા – મહિલા મંડળ પ્રમુખ શ્રી સુધાબેન બુધ્ધભટ્ટી – ડૉ. ધૈર્ય બુધ્ધભટ્ટી – ડૉ. મૌલિક બારમેડા ઉપસ્થિતીમાં કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો.

મહેમાનોનું શાબ્દિક સ્વાગત સુધાબેન બુધ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે ડૉ. સરત કુચિપુડી – ડૉ. વિજયા લક્ષ્મીનું મેડિકલ કાયમી ફંડ સમિતિ વતી જ્ઞાતી પ્રમુખ હિતેશભાઈ સોની ચેરમેન શ્રી હર્ષદભાઈ બુધ્ધભટ્ટી દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ડૉ. વિજયા લક્ષ્મીનું શાલ મોમેન્ટો સાથેનું સ્વાગત મહિલા મંડળના પ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટી અને ઈન્દિરાબેન સોની દ્વારા કરવામાં આવેલ. જ્યારે બન્ને ડોકટરનું જનકલ્યાણ મેડિકલ સોસાયટી વતી સન્માન સંસ્થાના ચેરમેન શ્રી કિરણભાઈ સંઘવી – મંત્રી શ્રી મહેશભાઈ



કંસારા અને સંસ્થાના ટ્રસ્ટી શ્રી સમીરભાઈ વસા દ્વારા કરવામાં આવેલ. ડૉ. હેત સોની ઓન્કોસર્જનનું સન્માન સમિતિ દ્વારા કરવામાં આવેલ. સન્માનના પ્રત્યોત્તરમાં ડૉ. સરત કુચિપુડી દ્વારા જનકલ્યાણ મેડિકલ સોસાયટી દ્વારા પૂરા કચ્છના અલગ-અલગ જગ્યાએ કરવામાં આવેલ કેમ્પોમાં મને જે સેવા કરવાની તક આપવા બદલ આભાર માનેલ અને જો શક્ય હશે તો ફરી ફરી પણ સેવા કરવા માટે કચ્છ આવશુ. કચ્છમાં ખાસ તો ફેફસાના રોગોનું વધુ પ્રમાણ વ્યસનના કારણે છે. જે બાબતે જાગૃતિ રાખવાંના પ્રયાસ કરવા જોઈએ અને વ્યસનથી મુક્ત કરવાં માટેની ઝૂબેશ હાથ ધરવી જોઈએ. ઓન્કોસર્જન ડૉ. હેત સોની દ્વારા જણાવાયું કે મારી જન્મ ભૂમીમાં સમાજ દ્વારા મારૂ સન્માન થઈ રહ્યું છે ત્યારે કચ્છમાં કેન્સરના રોગની સારવાર માટે જ કચ્છ પસંદ કર્યું છે. અને કચ્છના લોકોની સેવા કરવાં સાથે સમાજના લોકોને પણ હું કેમ વધુમાં વધુ ઉપયોગી થઈ શકું તેવા પ્રયત્નો કરીશ. જનકલ્યાણ મેડિકલ સોસાયટીના ચેરમેન શ્રી દ્વારા કેન્સર તેમજ વ્યસન મુક્તિ અને અન્ય રોગોની સેવા – સારવાર – સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ કેમ્પમાં કચ્છ તેમજ કચ્છ બહારથી કુલ્લ ૭૭ દર્દીઓએ સેવાનો લાભ લીધેલ અને દવાઓનું વિતરણ નિશુલ્ક કરવામાં આવેલ. આ કેમ્પમાં મેડિકલ સમિતિનાં મંત્રી શ્રી મહેશભાઈ કંસારા - ખજાનચી શ્રી નિતિનભાઈ હેડાઉ - જ્ઞાતી કારોબારી સભ્ય શ્રી સંજીવ બુધ્ધભટ્ટી - ભાવેશભાઈ બગા - જે.કે. કંસારા – હમીરભાઈ બુધ્ધભટ્ટી – ભાવિક કંસારા – જ્યોત્સના મહેશ્વરી – ગીતા ભટ્ટી – સ્નેહા ખાંખલા એ જહેમત ઉઠાવેલ.

સમગ્ર કાર્યક્રમનુ સંચાલન અને વ્યવસ્થા મહેશભાઈ કંસારા એ કરેલ.

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

# સમાજ માટે ખાસ લગ્ન માટે ની ઉપયોગી જાણકારી

- સંકલીત

● ફક્ત અને ફક્ત બાયોડેટા જોઈને સંબંધ નથી થતા, વાતચીત કરો, શરૂઆત આપણાંથી કરો, ફોન કરો.

● ખાલી બાયોડેટામાં જોઈને ના નહી પાડો એક બેવાર વડીલો ફોન પર વાતચીત કરી છોકરાની એકાદ મિટિંગ ગોઠવો.

● ફક્ત પગાર પર ધ્યાન ન આપો ભણેલા ગણેલા છોકરા છોકરીનો પગાર દર વર્ષે વધવાનો જ છે ફેમિલી કેવું છે એ જુઓ.

● બધાજ એરીયા હવે સુધારા વધારા થાય છે સુખ સગવડો વધે છે.

● કોઈ નો ફોન આવશે અથવા કોઈ નો ફોન આવતો નથી તેવી રાહ નહી જુઓ.

● મંગળ કોઈ દિવસ અમંગળ નહી થવા દે લગ્ન બહુ જ શુભ કાર્ય છે.

● તમારી દીકરી રાજકુમારી છે તો તેમનો દીકરો રાજકુંવર છે.

● ૯૦% લોકો આપણાં જેવા જ છે કોઈ સર્વગુણ સંપન્ન નથી.

● લગ્ન ની યોગ્ય ઉંમરમાં જ લગ્ન કરો, સમય હાથ માંથી સરી જશે ઉંમર વધતી જાય તે ઠીક નથી, સારું પાત્ર આનાથી વધારે સારું પાત્ર શોધવાની દોડ માં નહી પડશો આપણે તેવા બાળકોની લાઈફ સેટ કરવાની છે કોઈ ગેજેટ નથી ખરીદવાનો.

● જે આપણને અનુકૂળ રહે તેમનો સંપર્ક કરશો, જેમની ઈચ્છાઓ વધારે હોય એમની માટે પોતાનો અમૂલ્ય સમય બરબાદ નહી કરશો. યાદ રાખશો, જો એમની આશાઓ પર ખરા ઉતર્યા તો તે ખુદ પોતે જ તમારો સંપર્ક કરશે.

● રંગ, રૂપ થી વધારે ગુણો ને મહત્વ આપશો. દરેક વ્યક્તિ માં કઈક ખામી તો કઈક ખુબીઓ હોય છે તેના આધારે આગળ વધશો.

● આપણે ફોન કરવાવાળી વ્યક્તિ ને આદર સન્માનથી જવાબ આપવો. અનુકૂળ ન પડે તો પ્રેમ થી યોગ્ય રીતે ના નો જવાબ આપવો.

● એવું વિચારજો કે જે સારું પાત્ર આપ શોધી રહ્યા છો તે એમના જ કોઈ સગા સંબંધી માંથી હોય શકે.

● એ દિવસો ગયા કે જ્યારે છોકરી વાળા જે સારા પાત્રો ની શોધમાં પહેલા છોકરા વાળા પાસે જતા હતા અને તમે દીકરા વાળા છો અને કોઈ દીકરી ના બાયોડેટા અનુકૂળ લાગે તો આપ ખુદ જ આગળ વધશો, સંપર્ક કરશો, ફોન કરશો.

● અમિતાભ બચ્ચન થી જયા ની હાઈટ ૧૨ ઈંચ ઓછી છે.

● સચિન થી અંજલિ ત્રણ વર્ષ મોટી છે.

● ઐશ્વર્યા માંગલિક છે અભિષેક નોન - માંગલિક છે.

● દુનિયામાં કોઈપણ મિસ્ટર અને મિસીસ પરફેક્ટ નથી હોતા, બીજા ના દોષ જોવા કરતાં સારું છે પોતાની ખામીઓ ચકાશો

સકારાત્મક રહો.

● સમાજમાં પરિવર્તન લાવો.

સુંદર શુભ કામના સહિત...

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Yash Pradipbhai Kanakiya |
| Birth Date | : 28, December 1997 |
| Birth Place | : Mahuva (Bhavnagar) |
| Height | : 6'2" |
| Weight | : 78 kg |
| Education | : Msc.IT, B.C.A. |
| Profession | : Fronted Web-Developer at Bytefury. |
| Hobbies | : Travelling, Hiking, Reading Books, Cricket, Gaming |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| Fathers' Name | : Pradipbhai Kantilal Kanakiya |
| Fahter Occ. | : Retired Government Employee from (G.M.B.) Alang, Bhavnagar |
| Mother'sName | : Chhayaben Pradipbhai Kanakiya |
| Sibling | : None |
| Mosal | : Chimanlal Shantilal Lalani (Sihor) |
| Address | : 202, Nirman Flat, Harirambaugh, Bortalav, Bhavnagar |
| Mobile | : Chhayaben : 9428637334. Rajeshbhai Lalani : (Lalubeda) 9428181736 |
| Contact | : 90166412126 Pareshbhai Khakhi<br>9016815919 Dilipbhai Khakhi<br>7878840800 Laljibhai Khaki |

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

શુભેચ્છક : કંસારા મનિષકુમાર ભરતકુમાર (ભરતકુમાર બાબુલાલ) પરિવારના જયશ્રી કૃષ્ણ
ખજાનચીશ્રી - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

રાજેન્દ્રભાઈ શેઠ
9228359896
પ્રફુલભાઈ શેઠ
8490828918

"શ્રી ગોપાલ વિજયતે"

**ગોપાલ વાસણ ભંડાર**

**હાલોલ**

વિરાંગ શેઠ
9925226915
ગૌતમ શેઠ
9925226912

**તાંબા, પીત્તળ, સ્ટીલ, એલ્યુમીનીયમ ના વાસણ તથા તિજોરી, સોફાસેટ, પેટી પલંગ, ટીવી, ફ્રીઝ વિગેરેના વેપારી**





**પાવાગઢ રોડ, તળાવની સામે, હાલોલ-૩૮૯૩૫૦**
**મોહનલાલ વીઠલદાસ શેઠ (કંસારા) પરિવાર**

E-mail ID : goaplvasanbhandar25@gmail.com


## શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૧,૧૧૧/- | કંસારા અશોકભાઈ મણીલાલ - સુરત - શુભેચ્છા કંસારા અશોકભાઈ મણીલાલ તરફથી |
| રૂા. ૧,૦૦૦/- | કળથીયા જયંત નવનીતરાય - અમદાવાદ - ચિ. સાગરના શુભ લગ્ન પ્રસંગે. |
| રૂા. ૧,૦૦૦/- | કાગડા ચેતન બાલકૃષ્ણભાઈ - અમદાવાદ - ચિ. કાજોલના શુભ લગ્ન પ્રસંગે. |
| રૂા. ૫૦૧/- | દુધેલા દિલીપભાઈ કાંતિલાલ - ભાવનગર - પુત્ર અને પુત્રવધુના લગ્નની વર્ષગાંઠ નિમિત્તે શુભેચ્છા |
| રૂા. ૫૦૧/- | ખાખી ગૌરાંગ વી. લીંબડી - ગૌ.વા. ભાનુબેન વિ. ખાખીના સ્મરણાર્થે. |
| રૂા. ૫૦૦/- | કંસારા શશીકાંતભાઈ હિરાલાલ પરિવાર - સુરેન્દ્રનગર - કંસારા શશીકાંતભાઈ હિરાલાલ ના સ્મરણાર્થે શુભેચ્છા. |
| રૂા. ૫૦૦/- | કંસારા શશીકાંતભાઈ હિરાલાલ પરિવાર - સુરેન્દ્રનગર - કંસારા શશીકાંતભાઈ હિરાલાલ ના સ્મરણાર્થે સમસ્ત કંસારા સમાજને શુભેચ્છા. |
| રૂા. ૫૦૦/- | પ્રદિપકુમાર ચોકવાલા - વડોદરા - માતૃશ્રી નિર્મળાબેનના સ્મરણાર્થે શુભેચ્છા. |
| રૂા. ૨૫૧/- | કંસારા રાકેશભાઈ રસીકલાલ - લીંબડી - ચિ. અદિતીના શુભ લગ્ન પ્રસંગે |
| રૂા. ૨૫૧/- | કંસારા બિપીનચંદ્ર રજનીકાંતભાઈ - ચિ. રાજકુમારના શુભ લગ્ન પ્રસંગે. |

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ   પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

# કંસારા જ્ઞાતિને અન્ય પછાત વર્ગમાં સમાવેશ કરવા બાબત બાકી રહેલા કુટુંબ પત્રોકનો સર્વે ચાલુ કરવા બાબત.

માનનીય સાહેબશ્રી

સવિનય ઉપરોક્ત વિષય અંગે તા. ૧૦-૦૫-૨૦૩ ના રોજ આપ સાહેબ સાથે અમારી થયેલ મુલાકાત દરમ્યાન અમોએ અમારી જ્ઞાતિને અન્ય પછાત વર્ગમાં સમાવવા બાબતે લેખિત રજુઆત કરેલ છે, તેમજ આ અંગે આપ સાહેબ સાથે બાકી રહેલા કુટુંબ પત્રકો બાબતે વિસ્તૃત ચર્ચા કરેલ છે, ચર્ચાને અંતે આપ સાહેબ તરફથી બાકી રહેલા અંદાજે ૨૮૮૪ જેટલા કુટુંબ પત્રકોનું સર્વે કરવા માટે હકારાત્મક અભિગમ અપનાવી અમોને આ ફોર્મનો સર્વે વેળાસર કરવા હૈયા ધારણ આપેલ હતી. આ વિષય અંગે અમારા સંસ્થા/સંસ્થા દ્વારા તા. ૩-૯-૨૦૨૩ ના પત્રથી આપ સાહેબશ્રીને સ્મૃતિપત્રક પાઠવેલ છે, જેને ૧ વર્ષ જેટલો લાંબો સમય વ્યત્તિ થયેલ હોવા છતાં આપ સાહેબ દ્વારા અમારી રજુઆત બાબતે સર્વેની કામગીરી બાબતે અશાજનક કાર્યવાહી થયેલ નથી, જેથી અમારી કારીગર વર્ગની પ્રજામાં ભારે નિરાશા વ્યાપી રહી છે.

જેથી, હવે આ બાબતે અમારી જ્ઞાતિના પ્રજાજનોને સમયસર ન્યાય મળે તે હેતુથી આપ સાહેબને વિનંતી સહ જણાવીએ છીએ કે, બાકી રહેલા ફોર્મનો વેળાસર સર્વે શરૂ કરાવવા માટે આપ નામદાર પંચ તરફથી ઘટતી કાર્યવાહી શરૂ થાય તેવી અમો નમ્ર વિનંતી કરીએ છીએ.

સર્વેની કામગીરી શરૂ કરવામાં આવશે તો, આપના પંચના અધિકારીશ્રીઓને અમારી સંસ્થા ધ્વારા જે તે ગામે પુરતો સહકાર આપવા માટે અમો ખાતરી આપીએ છીએ.

આ બાબતમાં અમો આપ સાહેબને વિશેષ રજુઆત કરવા માંગતા હોય અમોને રૂબરૂ મુલાકાત આપવા નમ્ર વિનંતી છે.

સંપર્ક :-

(૧) શ્રી સી.કે.કંસારા - પ્રમુખશ્રી મો. ૯૮૨૫૨૩૮૮૬૧
(૨) શ્રી ભરતભાઈ શેઠ - ટ્રસ્ટીશ્રી મો. ૯૪૨૪૦૬૨૬૫૧
(૩) શ્રી મેહુલભાઈએન.ખાખી-મંત્રીશ્રી મો. ૯૮૨૫૬૦૩૫૭૩

# ભારતીય સંસ્કૃતિનો વેલેન્ટાઇન-ડે : "વસંતઋતુ"

- હિરવા ખાખી (યુવાલેખિકા)



ફેબ્રુઆરી એટલે આમ તો સામાન્ય ભાષામાં કહેવા જોઈએ તો પ્રેમને ખુલીને અભિવ્યકત કરવાનો માસ....ખરેખર આ દિવસો પાશ્ચાત્યન સંસ્કૃતિની દેન છે. ભારતીય સંસ્કૃતિનો વેલેંટાઈન-ડે એટલે "વસંતઋતુ"... ઝાકળભીની સવારમાં પુષ્પ જ્યારે સૂર્યના પહેલા કિરણ સાથે પોતાનું અસ્તિત્વ ઉજાગર કરે, પક્ષીઓ પોતાના મધુર સ્વરોથી સમગ્ર વાતાવરણને પ્રસન્ન કરી દે છે, ઈશ્વર જ્યારે સપ્તરંગોથી આકાશને શણગારે છે ત્યારે માનવમન ઉલ્લાસવંતુ બને.... આ છે આપણી સંસ્કૃતિમાં આપણો વેલેન્ટાઈન પ્રકૃતિ સાથે, લાગણીશીલ માણસોની વચ્ચે રહેલો છે....

પાશ્ચાત્યન સંસ્કૃતિ પાછળ માણસ એટલો તો દોડ્યો છે કે એ વાતને સમજી જ શક્તો નથી કે ભૌતિક વસ્તુ માત્ર થોડો સમય જ આનંદ આપે છે, પણ પ્રકૃતિનો સ્પર્શ અન લાગણીશીલ માણસોની વચ્ચે ઉછરેલો એ એહસાસ જીવનની પ્રત્યેક ક્ષણને મેહકાવી દે છે.... અન આ વસંતઋતું જીવનના દરેક રોમાંચક ક્ષણોને કેદ કરી લેવાની ઋતુ છે. આજના દિવસે એટલું જ કહેવું છે કોઈ બીજાને પ્રેમ કરતા પહેલા તમે તમારી જાતને પ્રેમ કરજો જે માણસ પોતાને પ્રેમ કરી શકે ને એ માણસ બધાને પ્રેમ કરી શકે...તો આજનો આ દિવસ પ્રેમની અભિવ્યક્તિ પ્રકૃતિ સાથે, પરિવાર સાથે અને ખાસ કરીને પોતની જાત સાથે કરીને આ દિવસને યાદગાર બનાવીએ......

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

---

ll શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ll
શુભેચ્છા સહ...
**શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર**



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited

Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA


Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

---

*Best Quality Gift For All Occassions*

We are also the menu. of wall clocks& wall clock hands




# PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia Mo.94262 21810
Depak J. Karathia Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577

www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

---

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187
**Mishal P.Meghani**
820-0524436




# Mayur Engineering
**Manufactur**

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids
ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

**E-mail : mayurengineering179@gmail.com**

# જીવન ધ્યેય

- બાલકૃષ્ણ જેઠાલાલ દંગી (વઢવાણ)

માનવીને જીવન મળ્યુ છે પણ એ જીવન માટે કોઈ ધ્યેય મળ્યુજ નથી. એમ સમજો કે જીવન ધ્યેય વગરની જીંદગી જીવીએ તેવું જ લાગે છે. જીવનમાં આપણને ખૂબ મળ્યુ છે. પણ જીવનમાં જે ઈચ્છા અને જેની માંગણી હતી તે વસ્તુ તો નથી જ મળી. જેમ દાન આપનારની ઈચ્છા પ્રમાણે જ મળે છે. તેમાં માંગનારની ઈચ્છા જોવામાં આવે નહી તેમ જીવનમાં પણ ઘણું મળ્યું પણ આપણી ઈચ્છા મુજબ મળ્યું જ નહી. કહેવાય કે બાળક મળ્યુ પણ એ બાળકને ઝુલાવવા માટે પારણું જ ન મળ્યુ. માણસ પ્રેમ અને પ્રિત માટે સતત પ્રયત્ન કરે. પણ કિસ્મતમાં કોઈ આંગણું સીધું જ ન મળ્યુ. મળી-મળીને અટલું જ મળ્યુ કે જાણે આપણું- આપણું હોય જ નહી. એક વાત નક્કી છે કે જેની સાથે વાત કરવામાં આત્મવિશ્વાસ હોય તેવી વ્યક્તિ સાથે જ પ્રભાવિત થઈને કાંઈ કામ કરી બતાવવા કે બતાવી શકવાની સાથે સામર્થ હોય. તેમજ અસ્થિર કે વિચલીત ન હોય. આ એક જીવન સંદેહ પર વિજય મેળવવાનો સંદેશો છે. જીવનમાં પોતાના જ મંતવ્યો સાચા છે. તેવો આગ્રહ રાખી તેને બળગી ન રહીને વ્યવહારમાં સંઘર્ષ ન કરો. જેમ બળીને ખાખ થઈ જતી ધુપસળી (અગરબતી) સુવાસ ફેલાવે છે. તેમ સમાજ-પરિવારમાં સુખ સંપત અને સ્નેહથી રહીને મૃત્યુને સુવાસ રહીત બનાવી. પરિવારમાં પ્રભાવિત કરે તેના કરતા પ્રોત્સાહિત કરે તેવી વ્યક્તિને જીવનમાં અપનાવો. જીવનની સૌથી મોટી ભેટ "સંયમ" અને તેની કિંમત એ તમારા પોતાનો સમય એજ આનંદનો વિષય છે. જીંદગીના જીવનનો મૂળ હેતુ. તેને ઓળખો અને આગળ વધો. ઘણી વાતો ને જાણવા છતાં તેને ઢાકી દેવામાં કે ભુલી જવામાં જ શાણપણ છે. આ એક જીવન માટેનું વિવેકનું પગલું કહેવાય. જીવનમાં સુખી થવા માટે કોઈની સરખામણી ન કરો. બદલાવ "સરળ કે સહેલો" નથી. પણ શક્ય જરૂર છે. સમયની સાથે સાથે દરેક બદલાઈ જાય છે. જીવનમાં ભુલ બદલનારની નહી પણ આપણી ભુલ એ જ છે કે જીવનમાં આપણે પહેલા હતા તેવાજ રહી ગયા. આ સમજ કદી બહાર થી મેળવી શકાતી નથી. સમજી ન શકો તો તમો પામી સકતા નથી. તે સમજવા માટે પણ વ્યક્તિની શુઝ અને સમજ જોઈએ. સાથે સાથે સજ્જનતા પણ જોઈએ. જીવનમાં વિચારોનો સહયોગ કરવાથી વિચારોની જડતા મેળવે છે. પણ તેના સાક્ષી બનવાની પરિપકવતા કરવી જરૂરી છે. એક વાત સમજો. જીવન પ્રસન્નતા એટલે આપણી જે સ્થિતિ હોય તેનાથી સંતોષ પામી સુખી થવાની વૃત્તિ આજ સમજમાં સમાનતા અને નૈતિકતા ના કારણે સમાજ સંસ્થામાં સમસ્યાઓ અને તકલીફો વધી રહી છે. તેનું કારણ સંસ્થાની અંદર સમજનાં પ્રાણવાયું વધી રહ્યા છે. એમ સમજો કે આમાં સમાજ સુધારાની આશા કેવી રીતે રાખી શકાય ? સમાજનો વિકાસ અને પરિવારના વિકલ્પોની સાથે વિકસિત એ સ્વપ્ન બની જાય છે. આજ એક બીજાના વિરોધની એલર્જીની કોઈ સમજ રહીજ નથી. આજ સમાજ પરિવારનું રક્ષણ કરવા શુભ અને વિચારધારકો અને સમાજનાં બંધારણનો વિકાસ કરવાની જરૂર છે. સમાજમાં એક બીજાના સહયોગો એજ જીવનનું લક્ષ અને એજ જીવન ઉત્સવ રૂપ એક થઈને સમાજમાં બનતા વિભાજિતને નિષ્ફળ બનાવીને સમાજમાં હરએકની વિચારધારાને વિકસાવો. આ બાબતમાં એટલું જ કે માનવીની મહાનતા તેના ધન કે સત્તા પર નિર્ભર ન કરો પણ તેનાં "ચરિત્ર" અને સમાજમાં સાદાપણાનાં મૂલ્યો પ્રત્યેની સમજ એજ સમાજની વફાદારી એજ તેમનામાં ગુણ હોય. "જીવનમાં જીવન મૂલ્યોની સ્પષ્ટતા થઈ જાય એજ જીવન ધ્યેય છે." (સમજે તેન નમન).

એક વાત સમજો જીવનમાં સારા પાના હાથમાં આવવા એ જીવન નથી. પણ ખરાબ પાના સાથે સારૂ રમવું એ જીવન છે. સમય ભલે દેખાય નહી પણ તે ઘણું બધુ દેખાડી જાય છે. આપને કેટલા ઓળખે છે તે મહત્વનું નથી. પણ તે શા માટે ઓલખે છે તે જ મહત્વનું છે. જીવનમાં શબ્દો ખોટા હોઈ શકે. પણ તસવીર (ફોટો) નહી. જીવનમાં શંકા કરવી નહી. કારણ "લંકાના રાવણ કરતાં શંકાનો રાવણ ખતરનાક છે". જીવનમાં સંબંધોના સફળતા જો આધાર "ચરિત્ર" છે. કારણ વગર મઝામાં રહેતા આવડે તો તમે 'નશીબદાર' એમ કહેવાય કે પરિવારમાં એ ગમે કે જે તમે.

મનુષ્ય જન્મની સાથે જ "જાતિ" જલોની જેમ ચીમકી જાય છે. જાતિ એ જાતી નથી. તેમાં તમો "અટક" ને બદલે નામ કે (જ્ઞાતી) હોય તે શબ્દ લખો જેમ કે કંસારા, વાણીયા, બ્રાહ્મણ, ભરવાડ કે રબારી લોકો તમોને ઓળખીજ શકશે. જે આજ દરેક પરિવારોને વ્યવહારીક પ્રશ્નો નડતર રૂપ હોય છે.

શુભેચ્છક : કિશ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી
સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

**NIF Mechanical Works Pvt. Ltd.**

**SHAILESH KANSARA**
Director

**Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India**

: **Phone** :
**+91-2637258668 / 250667**

: **Email** :
**shaileshkansara@windwell.com
nifgroup@windwell.com**

: **Website** :
**www.windwell.com**

અતુલભાઈ
૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ
૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ
૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

## કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

Reliable Solar

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર

**સોલાર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**

- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**

- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ



40% સુધી ફાયદો

અહીં તમારી વિગત ભરો !

હમણાં જ સંપર્ક કરો:

+91 9327168907/ 6355519196

કંસારા જયમીન ભાસ્કરભાઇ કાજલીયા

રીલાએબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ

Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net
SB-11, Gajanand Complex, Opposite Tube Company,
Old Padara Road, Vadodara-390020

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

# Navneet Traders
## નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# નિષ્ફળતા એ સફળતાની જનની છે !

- કમલેશ કંસારા (અમદાવાદ)

નિષ્ફળતા એ સફળતાની માતા કહેવાય છે. એવા કેટલાય ઉદાહરણો મળે છે જેમાં મહાપુરૂષો પોતે પહેલાં નિષ્ફળ ગયા હોય અને પછી સફળતા મેળવીને મહાપુરૂષ બને છે.

ગાંધીજી વકીલાતનું ભણ્યા પછી ઈંગ્લેડ જઈને તેઓ બેરિસ્ટર થયા. તેઓ વકીલ થયા ત્યારે સમાજમાં અને જ્ઞાતિ ધર્મનો તથા સગા વહાલાઓએ વિરોધ કર્યો હતો. તે સમયે સ્ટીમરમાં બેસીને લગભગ એક-દોઢ મહિને મુંબઈથી લંડન પહોંચાતું હતું. જો કોઈ વિદેશ જાય અને સગાવહાલા તેમને મળવા જાય તો તેઓએ પ્રાયશ્ચિત કરવું પડતું. વિદેશથી ભણીને વ્યક્તિ પોતાના ઘરે પાછો આવે એટલે એને ક્યારેય નાત બહાર પણ મૂકવામાં આવતો. આવી લઘુ ગ્રંથીથી એ વખતે સમાજ પીડાતો હતો. જ્યારે ગાંધીજી ઈંગ્લેડથી બેરિસ્ટર બનીને ભારત આવ્યા અને પહેલાં જ દિવસે તેઓ કોર્ટમાં કેસ લડ્યા. કોર્ટનું વાતાવરણ જોઈને એમને તો ચક્કર આવી ગયા. આખી કોર્ટ ગોળ ગોળ ફરતી હોય એવું લાગતું હતું. તેઓ સાક્ષીને શું પૂછવું એ પણ સુઝતું નહોતું. અંતે ગાંધીજીએ કોર્ટમાં જજને કહી દીધઉં કે હું આ કેસ લડી શકું તેમ નથી. આમ બેરિસ્ટર મોહનદાસ ગાંધી જો સફળ વકીલ થયા હોત તો આપણને મહાત્મા ગાંધી ન મળત ! વકીલાત છોડ્યા બાદ ગાંધીજી બ્રિટીશ સલ્તનતને જડ મૂળમાંથી ઉખાડી નાંખવાનું બીડું ઝડપ્યું. અને પોતાના સત્ય અને અહિંસાના શસ્ત્ર દ્વારા ભારતને સ્વતંત્રતા અપાવી. આ બધુ બનવાનું કારણ એ હતું કે ગાંધીજી વકીલ તરીકે નિષ્ફળ ગયા. જો તેઓ નિરાશ થઈને બેસી રહ્યા હોત તો આપણને સ્વતંત્રતા ન મળી હોત અને ભારત દેશને મહાત્મા ગાંધી જેવી વ્યક્તિ પ્રાપ્ત ન થઈ હોત !

આવું જ એક બીજું ઉદાહરણ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામનું છે. એમને બાળપણમાં પાયલોટ બનવું હતું. તેઓ વિજ્ઞાનમાં સ્નાતક થયા બાદ પાયલોટ થવા માટે અરજી કરી અને તેઓ ઈન્ટરવ્યુ આપવાને માટે દહેરાદુન ગયા. માત્ર આઠ જણાં ટ્રેનિંગ માટે પાસ થવાના હતા અને અરજી આવી હતી. ૨૫ યુવાનોની. ઈન્ટરવ્યુમાં તેઓ નિષ્ફળ ગયા અને મનથી ભાંગી પડ્યા એમને આઘાત લાગ્યો. પરંતુ એમના જ ગામમાં એકવાર સ્વામી શિવાનંદ આવ્યા. તેઓ એમને મલવા ગયા ત્યારે સ્વામીએ કહ્યુંકે જીંદગીમાં કોઈ મહાન સિદ્ધિ મેળવવા માટે નાની બાબતમાં પણ ક્યારેક નિષ્ફળતા પ્રાપ્ત થતી હોય છે. આ સાંભળ્યા બાદ તેઓ હતાશામાંથી બહાર આવ્યા અને નિષ્ફળતાને ભૂલીને દીલ્હીમાં આવેલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનમાં માત્ર અઢીસો રૂપિયાના પગારથી ટેકનીકલ આસીસન્ટ તરીકે જોડાયા.

ત્યારબાદ તેઓ સતત પ્રગતિ કરતા કરતા આપણા દેશના મિસાઈલ મેન તરીકે જાણીતા થયા. એમણે અગ્નિ અને પૃથ્વી નામની બે આધુનિક અદ્યતન મિસાઈલો બનાવી ત્યારબાદ સતત કાર્યરત અને અગાથ મહેનત દ્વારા પ્રગતિ કરતા તેઓ ભારતના રાષ્ટ્રપતિના સર્વોચ્ચ હોદ્દા પર બિરાજમાન થયા. ત્યારે એક પ્રશ્ન એ ઉદભવે કે જો તેઓ દહેકાદુનમાં પાયલોટની ટ્રેનિંગમાં સફળ થયા હોત તો ? કદાચ આપણને આવા મહાન વૈજ્ઞાનિક તથા રાષ્ટ્રપતિ પ્રાપ્ત ન થયા હોત !

આવા તો અનેક ઉદાહરણો ઈતિહાસમાં વાંચવા મળી આવે છે. એક સામાન્ય વ્યક્તિ મધ્યમ વર્ગ કે ગરીબ વર્ગમાંથી આવીને પોતાની પ્રથમ નિષ્ફળતાને ભૂલીને સતત કાર્યરત અને મહેનત દ્વારા ઉંચા પદ પર આવી શકે છે. આજના યુગમાં વાત વાતમાં વિદ્યાર્થીઓ પરિક્ષામાં નાપાસ થાય એટલે આપઘાત ના વિચારો કરીને તેનો અમલ પણ કરે છે. આ સમસ્યાનું નિવારણ ન કહેવાય. વ્યક્તિનું મનોબળ મજબૂત હોય તો તે ગમે તેવી વિકટ પરિસ્થિતિ કે કપરા સંજોગોનો સામનો કરીને યોગ્ય સફળતા પ્રાપ્ત કરે છે.

## શ્રી સુરતી કંસારા છંદ મંડળ (સુરત)



સંવત ૨૦૮૦ ના શ્રી નવરાત્રિમાં છંડ મંડળ ૩૨ માં વર્ષમાં પ્રસ્થાન કરી ૧૦૦૦ કાર્યક્રમો પૂર્ણ કરી શ્રી કુળદેવી મહાકાળી માતાજીના ચરણોમાં નતઃ મસ્તકે પ્રણામ કરે છે.

**"અમો આભારી છીએ"**

છંદ પ્રકાશનના પૂર્વજ વડીલ રચયતાઓને કોટી કોટી વંદન. છંદ પ્રકાશ પુસ્તકના સર્વે દાતાશ્રીઓનો અને પુસ્તકનું સુંદર પ્રીન્ટીંગ કામ કરનાર **શ્રી મનુભાઈ મુકાતીવાળા**નો શ્રી કંસારા સમાજના સર્વે જ્ઞાતિજનો, સર્વે ટ્રસ્ટીઓનો, સર્વે ભક્તોજનોનો અમોને સાથ-સહકાર આપનાર સર્વે સભ્યોનો તેમજ છંદ મંડળનું ૩૧ વર્ષથી સફળ સંચાલન કરવા બદલ **શ્રી અશોકભાઈ કંસારા**નો આભાર માનીએ છીએ. "જય માતાજી"

# સાતમી વાર્ષિક પુણ્યતિથી



## અ.નિ. વસુબેન જે. કંસારા
## (ત્રિચી-TN)



**જન્મ : ૧૯૫૦ ●**
**અ.નિ. તા. ૦૬-૦૨-૨૦૧૮**
**જયશ્રી સ્વામિનારાયણ**

**હતો હું સૂતો પારણે પુત્ર નાનો (છંદ: ભુજંગી)**

હતો હું સૂતો પારણે પુત્ર નાનો, રડું છેક તો રાખતું કોણ છાનો ?
મને દુખી દેખી દુખી કોણ થાતું ? મહા હેતવાળી દયાળી જ મા, તું !

સુકામાં સુવાડે ભીને પોઢી પોતે, પીડા પામી પંડે તજે સ્વાદ તો તે,
મને સુખ માટે કટુ કોણ ખાતું ? મહા હેતવાળી દયાળી જ મા, તું !

લઈ છાતી સાથે બચી કોણ લેતું ? તજી તાજું ખાજું મને કોણ દેતું ?
મને કોણ મીઠાં મુખે ગીત ગાતું ? મહા હેતવાળી દયાળી જ મા, તું !

પડું કે ખડું તો ખમા આણી વાણી, પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી,
પછી કોણ પોતાતણું દૂધ પાતું ? મહા હેતવાળી દયાળી જ મા, તું !

મને કોણ કે'તું પ્રભુ ભક્તિ જુક્તિ ? તળે તાપ પાપે મળે જેથી મુક્તિ?
ચિતે રાખી ચિંતા રૂડું કોણ ચાતું? મહા હેતવાળી દયાળી જ મા તું
મહા હેતવાળી દયાળી જ મા, તું !

તથા આજ તારૂં હજી હેત એવું, જળે માછલીનું જડ્યું હેત જેવું,
ગણિતે ગણ્યાથી નથી એ ગણાતું! મહા હેતવાળી દયાળી જ મા, તું !

અરે, આ બધું શું ભલું જૈશ ભૂલી? લીધી ચાકરી આકરી જે અમૂલી ?
સદા દાસ થૈ વાળી આપીશ સાચું ! મહા હેતવાળી દયાળી જ મા, તું !

અરે દેવાના દેવ આનંદદાતા, મને ગુણ જેવો કરી મારી માતા,
સામો વાળવા જોગ દેજે સદા તું ! મહા હેતવાળી દયાળી જ મા, તું !

શીખે સાંભળે એટલા છંદ આઠે, પછી પ્રિત થી જો કરે નિત્ય પાઠે,
રીઝી દેવ રાખે, સુખી સર્વ થાવે, રચ્યા છે રૂડા, છંદ દલપતરામે.

**-: સૌજન્ય :-**

જસવંત બી. કંસારા (ત્રીચી)
નરેન્દ્ર જે. કંસારા (ત્રીચી)
અશોક જે. કંસારા (ચેન્નૈ)
જય જે. કંસારા (બેંગલોર)
પાર્થ એચ. ગોરખીયા (બેંગલોર)

**સંપર્ક : જશવંત કંસારા : ૯૦૪૨૨૧૩૦૩૧**

**ડી. ઉપેન્દ્ર કલાઈગર (સુરત)**
**મો.નં. ૯૯૮૦૩ ૬૬૩૩૬**

## સમય

સમય છે સરકતી રેતી જેવો
જાણે વહેતી નદીનાં નીર જેવો
સદા લહેરાતી ઠંડી હવા જેવો
સમય તો સદા વહેવાનો છે,
ના થાકતો, ન થોભતો, ન પકડાતો
ન પાછો મળે કે આવે
સમય છે બહુ કિંમતી બધાનો
જો સમયને સાચવશો તમે,
તો સમય સાચવશે તમને
સમય પર ફૂલ—ફળ આવત હૈ
સમય બીતે-ઝરી જાવત હૈ
સમય લાભ, સમ લાભ નહી
સમય ચૂક હી બડી હાની
સમય સમય હી બલવાન હૈ
નહી દાનવ—માનવ બલવાન
કાબે અર્જુન લૂંટિયો
વહી ધનુષ વહી બાણ
સમય પર, સમજો, વિચારો ઔર કરો
સદા સેવા, સ્મરણ, સહયોગ
સમય કાઢી ભજીલો ભગવાનને
છે મોબાઈલ રમકડું હાથવગું,
તે સમય બધાનો ખાય
જે સજ્જન સમયનો સદ્ઉપયોગ કરે,
ખરેખર એ જ સાચો ધનવાન

## નવા આજીવન સભ્યોની યાદી

૧. કંસારા વ્યોમ ધર્મેન્દ્રભાઈ - વિસનગર
૨. ખોખરા અંકિત અશ્વિનભાઈ - અમદાવાદ
૩. દુધેલા હર્ષિત મુકેશભાઈ
૪. કંસારા મયુરભાઈ પ્રવિણભાઈ સંઘવી - વેરાવળ
૫. સંઘવી પ્રીતી મયુરભાઈ - વેરાવળ
૬. ખાખી કૈલાસબેન નાનચંદભાઈ - લીંબડી
૭. ખાખી ભાવિક દિનેશભાઈ - લીંબડી
૮. કંસારા દિનેશ નગીનભાઈ - જામનગર
૯. કંસારા મિહિર પ્રવિણભાઈ - અમદાવાદ
૧૦. ગોરખિયા હિરેનકુમાર મનસુખલાલ - રાજકોટ



**Address :** "Jamunesh Krupa", M.G. Road, Joravarnagar, Surendrangar
**Contact :** +91 9537047224, +91 9173100805
**Siblings :** Vyama Jigarkumar Kansara (Visnagar Present at UK)
Madhuri Niravkumar Kumbhariya (Rajkot)
Jeel Hiteshbhai Dangi (Unmarried)

# MATRIMONIAL

| | |
|---|---|
| Name | : Nidhi Hiteshbhai Dangi |
| Date of Birth | : 23/05/1997 |
| Birth Place | : Radhanpur |
| Birth Time | : 4-30 PM |
| Cast | : Gujarati Kansara |
| Weight | : 47 KG |
| Height | : 5'7" |
| Education Deta. | : M.Sc. Physics, B.Sc. Physics, B.ED |
| Job Detail | : Currently Working as Teacher in Gyanshakti Residential School of Excellence |
| Hobby | : Travelling, Photography |
| Father Name | : Hiteshbhai Dasharathbhai Dangi |
| Mother Name | : Pareshaben Hiteshbhai Dangi |
| Mosal | : Ishavarchand Somchandbhai Samivala (Radhanpur) |

# લગ્ન વિષયક

| | |
|---|---|
| નામ | : જીલ હીતેષકુમાર દંગી |
| જન્મ તારીખ | : ૨૮-૧૨-૨૦૦૦ |
| જન્મ સમય | : સવારે ૧૧-૪૦ |
| જન્મ સ્થળ | : જોરાવરનગર |
| ઉંચાઈ | : ૫ ફૂટ ૭ ઈંચ |
| વજન | : ૫૬ કિલો |
| અભ્યાસ | : B.C.A, |
| વ્યવસાય | : જે.ડી. ઈન્વેસ્ટમેન્ટ (સુરેન્દ્રનગર) |
| પિતાનું નામ | : હિતેષકુમાર દશરથલાલ દંગી |
| માતાનું નામ | : પરેશાબેન હિતેષકુમાર દંગી |
| મોસાળ | : ઈશ્વરભાઈ સોમચંદભાઈ કંસારા (રાધનપુર) |
| બહેન | : નિધિ હિતેષકુમાર દંગી (BSc. MSC. Bed) (અપરણીત)<br>માધુરી નિરવકુમાર કંસારા (પરિણત-રાજકોટ)<br>વ્યામા જીગરકુમાર કંસારા (પરિણત-વિસનગર) (હાલ યુ.કે.) |
| સરનામું | : જમુનેશકૃપા, એમ.જી. રોડ, શેરી નં.-૪, જોરાવરનગર-૩૬૩૦૨૦ |
| મો.નં. | : ૯૫૩૭૦૪૭૨૨૪, ૯૧૭૩૧૦૦૮૦૫ |



RNI No.GUJGUJ/2009/30908, Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

Kansara Modler Limited
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

World Class Rollers For The Whole World

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષો દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સતત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી ભરતભાઈ સી. શેઠ દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડ હાંસિયો રાખી એક સાઈડ સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦